*પ્રસ્તાવના*

# કિતને આદમી થે?

ડલૉરસ પરેરા પાઉડરનો છેલ્લો ટચ આપતી હતી ત્યાં જ ડોરબૅલ રણકી. અરીસામાં એક છેલ્લી નજર નાખી લીધી : વાળમાં ક્યાંક ચમકી જતી સફેદી, ચહેરો ભીનેવાન પણ નાક-નકશી સુરેખ. ઑરેન્જ લિપસ્ટિકથી ઉભારેલા સહેજ પાતળા હોઠ. ની-લૅંગ્થ ડ્રેસ અને સામાન્ય હીલ્સવાળાં બંધ શૂઝની સાથે પહેરેલી મોતીની સેર એને ડિગ્નિફાઇડ લૂક આપી રહી હતી : જાણે બૅંગ્લોરના કોઈ ચર્ચમાં જવા તૈયાર થયેલી ઍંગ્લો-ઇંડિયન લેડી. હકીકતમાં તે એક પ્રોફેશનલ નજૂમી હતી અને પોતાના ક્લાયન્ટનીઅપૉઇન્ટમેન્ટ માટે તૈયાર થઈ હતી.

ડલૉરસ ભલે નાજુક દેખાતી હોય પણ કોઈનાથી ગાંજી જાય એવી ન હતી. ગૉસિપની શોખીન, બિચિંગમાં ઍક્સ્પર્ટ. પુરુષોના બટક્સ જોવા એને ગમે. પરંતુ એની ખૂબી હતી ટૅરો કાર્ડ દ્વારા ભવિષ્યકથન કરવાની આવડત. ટૅરો કાર્ડના માધ્યમથી કરેલી અનેક સચોટ આગાહીઓએ એને એટલી પ્રસિદ્ધિ અપાવી હતી કે હવે એને કોઈ જાતની જાહેરાતની જરૂર ન હતી. તેની સચોટ આગાહીઓની વાતો જ બૅંગ્લોરના કેટલાય લોકોને ડલૉરસની પાસે ખેંચી લાવતી.

1974ની એ ખુશનુમા સાંજે બારણું ખૂલતાં ત્રણ જણ અંદર પ્રવેશ્યા. પહેલો, વિચિત્ર દેખાતી ફ્લૉપી હૅટ પહેરેલો એક નીચો સરખો પુરુષ – એક ફિલ્મ ડિરૅક્ટર હતો. બીજો, એક પડછંદ, દાઢીવાળો અને દિવસોથી નહાયો ન હોય એવો પુરુષ – એક ઍક્ટર હતો અને ત્રીજી હતી એક આકર્ષક ગોરી સરખી મહિલા, જે પેલા ઍક્ટરની પત્ની હતી. આ લોકો બૅંગ્લોરની આસપાસમાં ક્યાંક એક ફિલ્મ બનાવી રહ્યાં હતાં. તેઓએ ડલૉરસનાં બહુ

વખાણ સાંભળ્યાં હતાં. આજે શૂટિંગ જલ્દી આટોપાયું હતું એટલે તેઓએ ડલૉરસને મળવા આવવાનું નક્કી કર્યું હતું. બની રહેલી આ ફિલ્મ તે ઍક્ટરની પહેલી ફિલ્મ હતી. આ ફિલ્મમાં તે મોટા સ્ટાર્સ સામે વિલનની ભૂમિકા ભજવી રહ્યો હતો. આ ફિલ્મની સફળતા ઉપર એનો બહુ મોટો મદાર હતો. એમણે ડલૉરસને પત્તાં ઉપરથી આગાહી કરવા વિનંતી કરી.


ડલૉરસે પત્તાં પાથર્યાં અને બોલવાનું શરૂ કર્યું. ઍક્ટરની પત્ની ધ્યાનથી સાંભળવા લાગી. ડિરૅક્ટર અને ઍક્ટર પણ સાંભળતા હતા ખરા પણ એ બેના મનમાં ભરોસો ઓછો અને રમૂજનો ભાવ વધારે હતો. શ્રદ્ધા ઓછી અને જિજ્ઞાસા વધારે. 'આ માણસ,' ડલૉરસે ઍક્ટર તરફ ઇશારો કરતાં કહ્યું, 'ટૉપ ઉપર હશે'. પછી જરા નાટકીય રીતે અટકીને ફેંસલો સુણાવ્યો, 'અને ફિલ્મ વર્ષો સુધી ચાલતી રહેશે'. ઍક્ટર અને ડિરૅક્ટરને મન તો ઘણુંયે થયું કે આગાહીમાં વિશ્વાસ કરે પણ એમના મનમાં હજી શંકા હતી.

'શોલે' ચાલી. અને ચાલી એટલે કેવી? એક થિયેટરમાં તો સતત પાંચ વરસ સુધી. એ ફિલ્મે ભારતીય સિનેમાની દિશા બદલી નાખી. અને અમજદ ખાન? અમજદ ખાન એક લીજન્ડ બની ગયો. હિંદી સિનેમાનો સૌ પ્રથમ ઍડ્વર્ટાઇઝિંગ આઇકન 'ગબ્બરસિંઘ', એક કર્કશ અવાજવાળો, ગંદોગોબરો દેખાતો વિલન, જેના નામથી રેકૉર્ડ્સ વેચાઈ અને બિસ્કિટ્સ પણ વેચાયાં.

ડલૉરસે ખુદ કલ્પના નહીં કરી હોય કે શોલેને આટલી ભવ્ય સફળતા મળશે! આ ફિલ્મે લોકોની જિંદગીઓ બદલી નાખી, કારકિર્દીઓ બદલી નાખી. અરે, આજે રીલીઝનાં 45 વર્ષ પછી પણ આ ફિલ્મ બૉક્સ-ઑફિસ માટેનું ગોલ્ડ સ્ટાન્ડર્ડ ગણાય છે – શોલે ભારતીય સિનેમા ઉદ્યોગ અને પ્રેક્ષકો બંને માટે એક સીમાચિહ્ન છે, જેની સાથે કોઈ પણ હિટ ફિલ્મની સરખામણી આપોઆપ થઈ જાય છે.

આજે આટલાં વર્ષ પછી શોલે અતિસફળ ફિલ્મ કરતાં કંઈક વિશેષ બની ચુકી છે. આ છે એક અલ્ટિમેટ ક્લાસિક! એક કલ્ટ ફિલ્મ છે. નિર્દેશક ધર્મેશ દર્શન કહે છે એમ, 'શોલે આપણા ભારતની ધરોહરનો એક હિસ્સો બની ચૂકી છે'. આ ફિલ્મનાં પાત્રો – વીરુ, જય, ગબ્બર, ઠાકુર, બસંતી, રાધા આપણાં જીવનમાં એવી રીતે વણાઈ ગયાં છે જેમ કે રામ અને

સીતા! બીજાં સહાયક પાત્રો – સૂરમા ભોપાલી, જેલર, કાલિયા અને સાંભા જાણે લોકકથાનાં અમર પાત્રો છે. અરે, બસંતીની ઘોડી ધન્નો પણ અમર થઈ ગઈ છે!




રજૂઆતનાં આટલાં વર્ષો બાદ પણ ફિલ્મ જોવી ગમે છે, એટલું જ નહીં, આજે પણ એને જોઈને એટલો જ રોમાંચ થાય છે જેટલો પહેલી વાર જોતી વખતે થયેલો! 1999માં BBC-India અને બીજાં ઑનલાઇન મીડિયા દ્વારા કરાયેલા સર્વેમાં શોલેને 'ફિલ્મ ઑફ ધ મિલેનિયમ' ઘોષિત કરવામાં આવી હતી. આ એક એવી ફિલ્મ છે કે જેની અપીલને ભાષા, ભૂગોળ, વર્ગ કે વિચારોના કોઈ સીમાડા નથી નડતા. એ પ્રેક્ષક પછી મુંબઈનો કોઈ મોટો માર્કેટિંગ ગુરુ હોય કે પછી હૈદરાબાદનો કોઈ સામાન્ય રિક્ષાવાળો : આ ફિલ્મ માટે એમનું પૅશન, એમનો લગાવ એક સમાન હશે! અને એમની ભક્તિ, ભક્તિથી આગળ વધીને ઘણી વાર કટ્ટરતાનું રૂપ લઈ લે છે. જે રીતે શોલે એક ફિલ્મ કરતાં કંઈક વિશેષ છે એ જ રીતે એના ચાહકો સામાન્ય ચાહકો કરતાં કંઈક વિશેષ છે. તે એટલી હદ સુધી કે એમને ચાહક કહેવા એ એમનું અપમાન કરવા બરાબર છે. આ એવો વર્ગ છે જેમને માટે આ ફિલ્મ 50, 60 કે ઇવન 70 વખત જોઈ હોવી તદ્દન સ્વાભાવિક વાત છે. સંવાદો તો છોડો, બૅકગ્રાઉન્ડ સંગીતની એક એક નોટ અને ઈફેક્ટ શોલેના રસિકોને યાદ છે. એમને ગબ્બરસિંઘને શસ્ત્ર પહોંચાડનાર પેલા હીરાનું નામ પણ યાદ છે જે

પરદા પર મહેબૂબા ગીત વખતે 30 સેકંડથી પણ ઓછા ટાઇમ માટે દેખાયો છે, એ જ રીતે ગબ્બરના બાપનું નામ પણ ખબર છે જે ફ્લૅશબૅકવાળા કોર્ટ સીનમાં જજ દ્વારા બોલાયેલું છે : 'ગબ્બરસિંઘ વલ્દ હરિસિંઘ.'

શોલેને લગતી કહાણીઓની બૉલિવૂડમાં કમી નથી, જેમ કે જયપુરની પેલી ગૃહિણી : એને વીરુ એટલો ગમી ગયો કે એણે પોતાના પતિનું નામ બદલાવીને વીરુ કરાવી દીધું. અથવા તો દિલ્હીના પ્લાઝા સિનેમાવાળા પેલા પ્રકાશભાઈ; પાંચ મહિના સુધી શોલેની ટિકિટો ₹150ના ભાવે વેચી અને કાળાબજારની આ કમાણીમાંથી સિલમપુરમાં નાનું સરખું મકાન બનાવી દીધું અને પછી એને શોલેનાં પોસ્ટર્સથી શણગાર્યું, અથવા તો, ન્યૂ યૉર્ક ઍરપોર્ટનો પેલો ખડ્ડુસ ઇમિગ્રેશન ઑફિસર : કોણ જાણે ક્યાંથી એણે શોલે જોઈ હશે તે સાંભા (મૅકમોહન)ને ઓળખી ગયો. 'O! The man on the rock with a gun!' પટણામાં કેટલીયે ઑટોરિક્ષાનાં નામ 'ધન્નો' છે, જ્યારે દેશના ઘણા ફાઇવ-સ્ટાર બારમાં ગબ્બર નામનાં સ્ટ્રૉંગ-ડ્રિંક્સ મેનુ પર છે!

શોલેના ડાયલૉગ્ઝ રોજબરોજની ભાષામાં રૂઢિપ્રયોગોની જેમ વણાઈ ગયા છે. 'બહુત યારાના હૈ' અથવા 'જો ડર ગયા, સમઝો મર ગયા' કે પછી 'કિતને આદમી થે' આપણા લોકોની જીભે ચઢી ગયા છે.

કહેવાની જરૂર નથી કે 'શોલે'નો ઉપયોગ બિસ્કિટથી માંડીને ગ્રાઇપવૉટર વેચવા માટે થઈ ચૂક્યો છે! અને કૉપીરાઇટર્સ હજી પણ તેનો કસ કાઢી રહ્યા છે. 2000ની આસપાસ આઇવા કંપનીએ પોતાની ઇલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ ઉપર આપણી ક્રિકેટ ટીમના રન રેટ મુજબ ડિસ્કાઉન્ટની સ્કીમ મૂકી હતી. એની જાહેરાતની ટૅગ લાઇન શું હતી? 'ભાગ સૌરવ, મેરે પૈસે કા સવાલ હૈ', જાણે બસંતી ધન્નોને ભાગવા માટે ના કહેતી હોય! V-TVએ ફિલર તરીકે 'યે દોસ્તી' ગીત ઉપરથી એક સ્પૂફ બનાવેલું. પૉપ સ્ટાર બાલી બ્રહ્મભટ્ટે એક રીમિક્સ આલ્બમ બનાવેલું જેનું નામ હતું Sholay 2000. જેનું સબટાઇટલ હતું 'ધ હથોડા મિક્સ' જે ઠાકુરની ઉક્તિ 'લોહા ગરમ હૈ, માર દો હથોડા'ની યાદ અપાવે છે.

શોલેના આ જાદુનો ઇન્ડિયન પૉપ કલ્ચરમાં કોઈ જોટો નથી. વિવેચકો ભલે કહેતા હોય કે 'મધર ઇન્ડિયા' કે 'મુગલ-એ-આઝમ' ચઢિયાતી ફિલ્મ્સ

હતી, ટ્રેડપંડિતો ભલે કહે કે 1994માં આવેલી ‘હમ આપકે હૈ કૌન’ ફિલ્મે શોલેનો રૅકૉર્ડ તોડ્યો. પણ આમાંની કોઈ પણ ફિલ્મની સફળતા ન તો આટલી વિરાટ હતી કે ન તો આટલા લાંબા સમય સુધી ટકી શકી હતી. શોલે એક વિશિષ્ટ ઘટના હતી. નિર્દેશક શેખર કપૂરે સરસ રીતે કહ્યું છે – હિંદુસ્તાનમાં એવી કોઈ ફિલ્મ બની નથી જેણે ફિલ્મોનું ભાવિ ઘડવામાં શોલેથી વધુ મોટો ફાળો આપ્યો હોય. ભારતના ફિલ્મ ઉદ્યોગને બે વિભાગમાં વહેંચી શકાયઃ ‘શોલે પહેલાં’ અને ‘શોલે પછી.’

શેખર કપૂરના આ ઉચ્ચારો એક લાગણીશીલ પ્રશંસકની ભાવનાઓ કરતાં કંઈક વિશેષ છે. શોલે સાચે જ ફિલ્મ ઉદ્યોગ માટે પાઠ્યપુસ્તક બની ગયું છે. વિશેષ માવજત અને અને બિગ-બજેટની ઝાકઝમાળનો સમન્વય એક બી-ગ્રેડની હોય એવી સ્ટોરીલાઇનને કેવી ઊંચાઈઓ સર કરાવી શકે તેનું પરફેક્ટ ઉદાહરણ એટલે શોલે. એણે ફિલ્મ ઉદ્યોગને બતાવી દીધું કે ચીલાચાલુ ફૉર્મ્યુલાવાળી કથાને પણ ક્લાસિક બનાવી શકાય છે! આ ફિલ્મે ભારતીય ફિલ્મ ઉદ્યોગને એ પણ બતાવી આપ્યું કે વિઝ્યુઅલ્સ અને ઑડિયો બંને પાસાંમાં આ લેવલનું પણ કામ થઈ શકે છે. ઍડ્વર્ટાઇઝિંગના દિગ્ગજ અને પટકથાલેખક પીયૂષ પાંડે કહે છે કે ‘શોલે બેશક આ દેશમાં બનેલી સર્વશ્રેષ્ઠ ફિલ્મ છે.’ શોલેએ ઍક્શનને કલાનો દરજ્જો આપી દીધો! હાથોહાથની ચીલાચાલુ ઢિશૂમ ઢિશૂમને બદલે મારધાડને એક નવા જ સ્ટાઇલિશ સ્વરૂપમાં રજૂ કરી. આ પછી 19 વર્ષો સુધી હિંસાત્મક ફિલ્મોનો જે દૌર ચાલ્યો તે 1994માં ‘હમ આપકે હૈ કૌન’ જેવી ફીલ-ગૂડ ફિલ્મ આવી ત્યાં સુધી. શોલેએ ટૅકનિકલ શ્રેષ્ઠતાનાં પણ ધોરણ સ્થાપ્યાં. 70ના દાયકાની ફિલ્મ્સ સામાન્ય રીતે ઢંગધડા વગરની અને જરીપુરાણી લાગતી હોય છે પણ શોલે તો ખરેખર ટૅક્નિક અને કળાનું બેનમૂન નજરાણું છે. આજે પણ ડિરૅક્ટર્સ પોતાની ફિલ્મોની ફ્રેમમાં શોલેનો ઉલ્લેખ કરી લેતા હોય છે.

બિગબજેટ મલ્ટિસ્ટારર મૂવીઝની પરંપરા શોલેથી જ શરૂ થઈ એમ કહી શકાય. શોલે પછી એના જેવી કથા-વાર્તા ધરાવતાં કેટલાંય અનુકરણ, ઉપહાસ અને રીમિક્સ આવ્યાં. નવા શતકની પહેલી ફિલ્મ હતી ધર્મેશ દર્શનની ‘મેલા’. કરોડોના ખર્ચે બનાવેલી આ ઝાકઝમાળ ફિલ્મમાં હીરોઇન પોતાના ભાઈના ખૂનનો બદલો લેવા ડાકુ ગુજ્જર સામે બે ટ્રક ડ્રાઇવરોનો

ઉપયોગ કરે છે. ફિલ્મ બૂરી રીતે પિટાઈ ગઈ. એવી જ રીતે નિર્દેશક રાજકુમાર સંતોષીની ‘ચાયનાગેટ’ પણ ના ચાલી. 1998માં બનેલી આ ફિલ્મમાં દસ નિવૃત્ત લશ્કરી અધિકારીઓ એક ગામને ખતરનાક ડાકુ જગીરાથી બચાવવા પહોંચે છે. રાજકુમાર સંતોષી કહી કહીને થાકી ગયા કે ભાઈ આ તો અકિરા કુરોસાવાની ‘ધ સેવન સમુરાઈ’ ઉપરથી પ્રેરણા લઈને બનાવેલી ફિલ્મ છે. પણ સાંભળે કોણ? પ્રેક્ષકોએ તો ચુકાદો આપી દીધો : આ શોલે નથી.

શોલેમાં એવું તે શું છે જે આજ સુધી આપણને જકડી રાખે છે? આજે પણ જ્યારે લોકો શોલે જુએ છે, ત્યારે ફિલ્મનાં કેટલાંક પાસાં તેમને ફરી વાર આકર્ષે છે : કથાનકની પરિકલ્પના અને તેની અનેરી રજૂઆત. ધગધગતી અને પથરાળ છતાં જીવંત પૃષ્ઠભૂમિ, પૂરપાટ દોડતા ઘોડા અને તેમના પરથી ફેંકાઈ જતા સવારો. ડિરેક્ટરે જે મજબૂત આત્મવિશ્વાસ અને ધીરજથી કથાબીજના ટેક્સ્ચર અને રિધમની માવજત કરી છે એને કારણે એક એક કડી બખૂબી એકબીજા સાથે જોડાઈ જાય છે. કલાકારો વચ્ચેનો અદ્ભુત સમન્વય, લોકવાયકા જેવા વાર્તાબીજમાંથી લાજવાબ સ્ક્રિપ્ટનું સર્જન, યાદગાર સંવાદ અને દમદાર ઍક્ટિંગ. આ ફિલ્મમાં પરંપરાગત અને આધુનિક તત્ત્વોનું કુશળ સંયોજન છે. લેખિકા નસરીન મુન્ની કબીરના કહેવા પ્રમાણે શોલેમાં જુદા જુદા પ્રકારની જીવનશૈલી સહજ રીતે સાથે રહે છે. અહીં સ્ટીમ એન્જિનની સાથે ઘોડા પણ છે અને બંદૂકની સાથે ડૅનિમ પણ છે. અને આમ સદીઓનું જે સાયુજ્ય ગૂંથાયું છે એ ફિલ્મને એક એજલેસ કૅરેક્ટર બક્ષે છે.

આપણા હીરો જય અને વીરુ જીન્સ પહેરતા ભાડૂતી લડનારા છે પણ અંદર કોઈક ખૂણે નીતિ અને માનવતા જીવે છે. સમયનું પોત છે ’70નો દાયકો : આઝાદીની લડતનું જોશ ઠંડું પડી ગયું છે, સ્વતંત્રતા આવી અને જૂની પણ થઈ ગઈ છે, નેતાઓ અને સરકારી અમલદારો જનતાનું માન ગુમાવી ચૂક્યા છે અને એક આખી પેઢીમાં એક નવી માનસિકતા પ્રચલિત થઈ રહી છે : સારા બનવું સારી વાત છે પણ કામ કઢાવવું વધારે જરૂરી છે. આપણા જય-વીરુ પણ કંઈક આવા જ છે : સમયના આ બદલાતા તકાજાને ફિલ્મે બખૂબી ઝીલ્યો છે. આ વલણ આજે લગભગ અડધા સૈકા

પછી પણ પ્રજાની માનસિકતા સાથે સુસંગત છે.

શોલે બની હતી ફિલ્મો માટે ગાંડો શોખ ધરાવતા પ્રેક્ષકો માટે અને બનાવનારાઓનું જુનૂન પણ હતું એટલું જ ગ્રાન્ડ! આ એ સમય હતો જ્યારે મોટા ભાગના પ્રેક્ષકો પાસે મન બહેલાવવા માટે થિયેટરમાં બેસીને ફિલ્મો જોવા સિવાય ભાગ્યે જ કોઈ સાધન હતું. મનોરંજન ઉદ્યોગનાં સમીકરણોને કાયમ માટે બદલી નાખનાર ટેલીવિઝન, વિડિયોટેપ અને સૅટેલાઇટ હજી આવ્યાં ન હતાં. નિર્માતા જીપી સિપ્પી અને નિર્દેશક રમેશ સિપ્પી માટે કહી શકાય કે ધે યુઝ્ડ ટુ ડ્રીમ બિગ. અને પોતાનાં સપનાંને અંજામ આપવાની હિંમત પણ બંનેમાં હતી. ફિલ્મ બનાવતી વખતે ફાઇનાન્સ, માર્કેટ અને બૉક્સ-ઑફિસને બદલે પોતાના સ્વપ્નને સાકાર કરવાની તીવ્ર લગન એકમાત્ર પરિબળ હોય તો જ એક મેગા-મૂવી બની શકે જે આપણા ઑડિયન્સે કદી જોયું ન હોય..

ફિલ્મનો આત્મા મૂળે હૉલિવૂડ વેસ્ટર્નનો, જેનો પ્રેરણાસ્રોત એટલે કુરોસાવાની જાપાનીઝ સમુરાઈ ગાથાઓ! શોલેના યુનિટમાં જાણે સર્વત્ર કાઉબૉય સ્પિરિટ ફેલાયો હતો. રમેશ સિપ્પીની ક્રૂને જોઈને અમેરિકાના અસલ પાયોનિયર્સ યાદ આવી જાય. જાણે વાઇલ્ડ વેસ્ટ તરફ ન્યાય માટે યુદ્ધ ચઢેલા યોદ્ધા! તેઓએ દક્ષિણ ભારતમાં એક ઉજ્જડ અને પથરાળ જગ્યા પસંદ કરી, વસાવી, અને કલ્પના બહારની મુશ્કેલીઓનો સામનો કરીને પોતાના વિઝન પ્રમાણે એક સર્જન કર્યું. શોલેનો જાદુ યુનિટના એક એક સભ્યના પરસેવાની, એક એક સભ્યની હિંમતની અને તપસ્યાની ફલશ્રુતિ છે.

આ એમની જ કહાણી છે...

## પ્રકરણ : ૧

# શાયદ ખતરોં સે ખેલને કા શૌખ હૈ મુઝે

1973ના જાન્યુઆરીની એક ઠંડી રાત હતી. અમિતાભ બચ્ચનને $102^0$ F તાવ હતો. માથું દુખતું હતું, ચહેરો પરસેવે રેબઝેબ હતો અને શોષ પડતો હતો. આવી હાલતમાં પણ એ એક મોટી અને મહત્ત્વની ફિલ્મી પાર્ટીમાં હાજર હતો એટલે પરાણે મોઢું હસતું રાખીને પ્રેસ ફોટોગ્રાફર્સને પોઝ આપી રહ્યો હતો. થાકને લીધે જરા ચક્કર જેવું લાગવા માંડ્યું ત્યારે યજમાનના બેડરૂમમાં જઈ જરા આરામ કરી લીધો. પણ પાર્ટીમાંથી લાંબા સમય માટે ગેરહાજર રહેવું પોસાય એમ ન હતું : પોતાની ઇમ્પ્રેશન જમાવવાની હતી. જીપી સિપ્પીની આગામી ફિલ્મમાં એક રોલ મેળવવા માટે એના પ્રયત્નો ચાલુ હતા.

અમિતાભ જૂહુ ખાતેના પોતાના ઘરથી અલ્ટામાઉન્ટ રોડસ્થિત ભવ્ય ‘શ્રી વિજયાભવન’ સુધી લાંબો થયો હતો. એક વ્યક્તિ તરીકે જીપી સિપ્પીનું કદ વામન કહી શકાય, પણ એક બૉલિવૂડ નિર્માતા તરીકે તેમનું કદ વિરાટ હતું : એક પછી એક હિટ ફિલ્મો આપ્યા પછી એમની ગણના A-ગ્રેડ નિર્માતાઓમાં થવા માંડી હતી, જ્યારે ઉપરાછાપરી ફ્લૉપ ફિલ્મોને કારણે અમિતાભની નવીસવી કારકિર્દી ડામાડોળ હતી અને તેને કામની સખત જરૂર હતી. તે પહોંચ્યો ત્યારે પાર્ટી પૂરબહારમાં ખીલી ચૂકી હતી. સિપ્પીનું પૅન્ટહાઉસ ફિલ્મઉદ્યોગના નામાંકિતોથી ઊભરાઈ રહ્યું હતું – વિતરકો,



*’સીતા ઔર ગીતા’માં હેમા માલિનીને નિર્દેશન આપતા રમેશ સિપ્પી*

નિર્દેશકો, નિર્માતાઓ અને ખાસ તો કલાકારો. એ લોકો તો શમા પર પરવાનાની જેમ મંડરાઈ રહ્યા હતા : એક મુખ્ય ભૂમિકા માટે કોને કરારબદ્ધ કરવો એ હજી નક્કી થયું નહોતું. માહોલમાં એક ઉત્તેજના હતી. સૌના હોઠ પર એક જ સવાલ હતો : સિપ્પીઝના નવા પ્રોજેક્ટનો એ રોલ કોણ કરશે?


'અંદાઝ'માં રાજેશ ખન્નાને નિર્દેશન આપતા રમેશ

રમેશ – જીપી સિપ્પીના પુત્ર, પોતાની ત્રીજી ફિલ્મ શરૂ કરવા જઈ રહ્યા હતા. તેમની પહેલી ફિલ્મ 'અંદાઝ'ને સાધારણ સફળતા મળી હતી, પણ 1972માં રજૂ થયેલી બીજી ફિલ્મ 'સીતા ઔર ગીતા'એ ટિકિટબારી પર જબરદસ્ત દેખાવ કર્યો હતો. એ ફિલ્મ 'રામ ઔર શ્યામ'ની રિપ-ઑફ હતી, રામ... માં દિલીપકુમારે ડબલ રોલ કરેલો, તો સીતા... માં હેમામાલિનીએ! ફિલ્મે તાજેતરમાં જ ગોલ્ડન જ્યુબિલી ઊજવીને હેમાને નંબર વન ઉપર મૂકી દીધી હતી. બંને સિપ્પી – જી.પી. અને રમેશ હવે કંઈક ભવ્ય કરવાના મૂડમાં હતા. ઍસ્કેપેડ-એડ્વૅન્ચરના ઝૉનરનું કંઈક ધૂંધળું ચિત્ર તેમના દિમાગમાં ઊપસી રહ્યું હતું. હવા એવી હતી કે ફિલ્મ મલ્ટિસ્ટારર હશે. ધરમ-હેમાની હિટ જોડી રીપીટ થવાની વાત લગભગ નક્કી હતી, પણ હજી એક બીજા હીરોનો પણ રોલ હતો. આ માટે અમિતાભનું નામ બોલાતું હતું પણ ડિસ્ટ્રિબ્યૂટર્સને લાંબા-પાતળા, સીરિયસ અને કોઈ કરિશ્મા વગરના અમિતાભની ઍલર્જી હતી. એની છેલ્લી 10 ફિલ્મ ફ્લૉપ થઈ હતી, અને એને સુપરસ્ટાર તરીકે સ્થાપિત કરનાર ઝંજીર હજી રજૂ થઈ ન હતી.

લગભગ બાર વાગ્યાની આસપાસ એક તોતિંગ કેક પાર્ટીમાં લાવવામાં આવી અને એ સાથે જ ઊભરતા સિતારા શત્રુઘ્ન સિંહાની ઍન્ટ્રી થઈ. શત્રુએ તાજેતરમાં જ 'રામપુર કા લક્ષ્મણ' અને 'ભાઈ હો તો ઐસા' એમ બે હિટ ફિલ્મો આપી હતી. ત્યાર સુધી એણે મોટા ભાગની ફિલ્મોમાં વિલનના જ રોલ કર્યા હતા, પણ પોતાના અનકન્વૅન્શનલ લૂક અને ઍક્ટિંગના અનોખા અંદાજને કારણે એ સમયના હીરોલોગ કરતાં પણ વધારે લોકપ્રિય થઈ રહ્યો હતો. બધા એને ઘેરી વળ્યા. કૅમેરાની ફ્લૅશ ઝબકવા લાગી અને તે પાર્ટીનું

મુખ્ય આકર્ષણ બની ગયો. તેણે હેમા અને ધરમ સાથે ફોટા પડાવ્યા અને અમિતાભને હળવેકથી હાંસિયામાં ધકેલી દીધો. મહેમાનોએ પાર્ટી ટોસ્ટ કરી અને રૂમ તાળીઓથી ગુંજી ઊઠ્યો. એક વિતરકે રમેશના કાનમાં આસ્તેથી ફૂંક મારી 'યહી હૈ આપકી કાસ્ટિંગ. ઉસ લંબૂજી કા તો સોચના ભી મત'. રમેશે માત્ર મોઢું મલકાવ્યું.

■

રમેશની સાદી, સરળ વર્તણૂકથી તેમના સામર્થ્યનો ખ્યાલ આવવો મુશ્કેલ હતો. દૂબળા-પાતળા શરીર અને વાંકડિયા વાળવાળા રમેશ ભીડમાં કોઈની નજરે પણ ન ચઢે. શાંત, મૃદુભાષી અને લો-પ્રોફાઇલ રમેશ ભાગ્યે જ કોઈને ઇન્ટરવ્યૂ આપતા. ફિલ્મ રજૂ થાય એ દિવસે તો ખાસ મુંબઈ છોડીને બહાર જતા રહે. પચીસ વર્ષની ઉંમરે એમણે 'અંદાઝ' બનાવી અને 'સીતા ઔર ગીતા' બનાવી ત્યારે સત્તાવીસના હતા. ફિલ્મ ઉદ્યોગવાળાની નજરમાં તો એ પ્રોડ્યૂસર બાપના પૈસે તુક્કા લડાવતો એક નવોસવો ઉછાંછળો જુવાન જ હતો. 'મારી ફિલ્મ 'અંદાઝ'માં એક વિધવા અને વિધુરની વાત હતી. બધાંએ મને ગાંડામાં ખપાવી દીધો હતો.' ગમે તેમ, પણ પ્રેક્ષકોને વાત ગળે ઊતરી ગઈ. પહેલી સફળતાને તો ઇન્ડસ્ટ્રીએ એક ફ્લૂક ગણી કાઢી, પણ બીજી સફળતા પછી રમેશને



*'બધા એ જ વિચારતા હતા' શશી કપૂર યાદ કરતા કહે છે, 'કે યહ રમેશ સિપ્પી હૈ ક્યા ચીઝ?'*

ગંભીરતાથી લેવા સિવાય છૂટકો ન હતો. એને યાદ કરતાં શશી કપૂર કહે છે 'બધા એ જ વિચારતા હતા કે યહ રમેશ સિપ્પી ચીઝ કયા હૈ?'

ખરેખર તો એમની પાસે વાર્તાને રસપ્રદ રીતે રજૂ કરવાની ગજબ આવડત હતી. બાળપણથી જ એ ફિલ્મોનાં સપનાં જોતા. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના વિદ્યાર્થી એટલે રોજ મૅટ્રો સિનેમા પાસેથી પસાર થાય. એ વખતે થોડું થોભીને, કલ્પનાઓના મહેલ એવા મૅટ્રો સિનેમાને જોઈ રહે. 1950માં પિતાએ પ્રથમ ફિલ્મ 'સઝા' શરૂ કરી ત્યારે એ 6 વર્ષના. એ વખતે પણ અવારનવાર સૅટ પર જાય. ત્યારથી જ લાઇટ્સ અને સૅટ પરના ઘોંઘાટનું એમને ભારે આકર્ષણ. ફિલ્મમાં ખરેખર કામ કરવાનું તો ત્યાર બાદ ત્રણ વર્ષે આવ્યું જ્યારે 'શહેનશાહ' ફિલ્મમાં તેમણે અચલા સચદેવના પુત્રનો રોલ કર્યો. એમના ભાગે ફક્ત એક જ લાઇન બોલવાની આવેલી પણ આ અનુભવે તેમના પર મજબૂત છાપ છોડી. 'આ અનુભવે મારી અંદર કશુંક હલાવી દીધું.' એ યાદ કરતાં કહે છે : 'હું કાયમ એના વિશે જ વિચાર્યા કરતો. ભણવાનું બગડવા માંડ્યું હતું. હું કોઈ જુદી જ દુનિયામાં રાચતો હતો. જાણે દિમાગ કામ જ નહોતું કરતું'.

ભણવામાં રસ ન હોવા છતાં લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સ જેવી પ્રતિષ્ઠિત કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ લેવા ગયા. 6 મહિના સુધી ઇકોનૉમિક્સના ડીગ્રી કોર્સમાં સંઘર્ષ કર્યે રાખ્યો, પણ ચિત્ત ભણવામાં ચોંટે તો ને! એમને તો સ્ટુડિયોનો ઘોંઘાટ અને યાદ સતાવી રહ્યાં હતાં. છેવટે એક રાત્રે પિતાને ફોન કરી જ દીધો, 'ડૅડ, પાછો આવી જાઉં?' કોઈ કાચોપોચો માણસ તો હલી ગયો હોત પણ જીપી સિપ્પી તો જન્મજાત જુગારી હતા! એમનો સ્પષ્ટ જવાબ હતો, 'હા'.

પાછા આવીને મુંબઈ યુનિવર્સિટીમાં સાઇકોલૉજીના કોર્સમાં જોડાયા પણ એ તો ફક્ત અભ્યાસ ચાલુ છે એ દેખાડવા પૂરતું જ! તેમનું ખરું શિક્ષણ તો પ્રોડક્શન ઑફિસ અને સ્ટુડિયોમાં જ થયું. દરરોજ સવારના 9-30 વાગ્યે ક્લાસ પૂરા થાય એટલે તરત જ રમેશ ટ્રેન પકડી પરેલ ખાતે આવેલા કારદાર સ્ટુડિયો પહોંચી જાય, જ્યાં સિપ્પી પ્રોડક્શનની ઑફિસ હતી. જીપી એ વખતે 'જોહર મેહમૂદ ઇન ગોવા' અને 'મેરે સનમ' પ્રોડ્યૂસ કરી રહ્યા


હતા. રમેશ એના પ્રોડક્શન અને નિર્દેશન વિભાગમાં કામ કરતા. તેમના દિમાગમાં જાતજાતના આઇડીયા આવે. હંમેશા કંઈક અલગ જ કરવું હોય. કંઈકને કંઈક સલાહ-સૂચનો આપ્યા જ કરે. યુનિટ જ્યારે કંટાળે ત્યારે પ્રેમથી તેને ચૂપ રહેવાનું કહી દે. એટલે પછી ત્યાં મોઢું ખોલવાને બદલે પોતાનો સમય આવે ત્યાં સુધી ઍસ્ટાબ્લિશ્ડ ડિરેક્ટર્સના આસિસ્ટન્ટ તરીકે કામ કરવાનું ચાલુ કર્યું. એમાંનું એક કામ ચાર દિવસ માટે 'મેરે મેહબૂબ'ના સૅટ પર હતું. તે પણ નિર્દેશક એચ.એસ. રવૈલના સાતમા સહાયક તરીકે! કામ શું? તો કહે સાધનાનાં સ્લિપર્સ ઊંચકીને ફરવાનું!

ફિલ્મોના ચક્કરમાં સાઇકોલૉજી ક્યાંય ભુલાઈ ગયું. આસિસ્ટન્ટ તરીકે સાત વર્ષ સુધી પરસેવો પાડ્યા પછી 1969માં પોતાની પહેલી ફિલ્મ 'અંદાઝ' પર કામ કરવાનું શરૂ કર્યું. ફિલ્મ લખી હતી ગુલઝારે. શૂટિંગના છેલ્લા દિવસોને યાદ કરતાં હેમા માલિની કહે છે, રમેશ તેની જ ઉંમરના બે નવા લેખકો સાથે કંઈક ગુસપુસ કરતા રહેતા. તેમનાં નામ હતાં સલીમ ખાન અને જાવેદ અખ્તર.

ઇંદોરના એક પોલીસ ઑફિસરના પુત્ર એવા સલીમને અભિનેતા બનવું હતું. એક લગ્નમાં નિર્દેશક કે. અમરનાથની નજરે ચઢ્યા. સલીમના આકર્ષક દેખાવ અને વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ અમરનાથે સલીમને મુંબઈ બોલાવ્યા અને ₹400ના માસિક પગારે ઍક્ટર તરીકે રાખી લીધા. છૂટાછવાયા, નાનામોટા રોલ મળતા રહ્યા પણ સ્ટારડમ તો છેટું જ રહ્યું. સાત વરસના સંઘર્ષ પછી પણ સલીમને નાનકડા જ રોલ મળતા. 'મને સમજાવા માંડ્યું હતું કે મારામાં કલ્પનાશક્તિ છે, પણ અભિનય દ્વારા એને વ્યક્ત કરવાની આવડત નથી. ત્રીસ વરસની ઉંમરે નિષ્ફળતાનું લેબલ લઈ ઘરે પાછા જવાનો તો સવાલ જ નહોતો પેદા થતો. આખા ઇન્દોરમાં હું હાસ્યાસ્પદ થઈ ગયો હોત.' એટલે એમણે કલ્પનાશક્તિનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું અને બની ગયા લેખક.

ઍક્ટર તરીકે સલીમે કરેલી છેલ્લી ફિલ્મોમાંની એક હતી, બ્લૅક ઍન્ડ વ્હાઇટ કૉસ્ચ્યૂમ ડ્રામા 'સરહદી લૂટેરા'. આ ફિલ્મ માટે ડિરેક્ટર એસ.એમ. સાગરને ડાયલૉગ રાઇટર નહોતા મળી રહ્યા એટલે એમણે પોતાના ક્લૅપર-બૉય જાવેદ અખ્તરને એ કામે વળગાડી દીધો.

જાવેદ એટલે ડાબેરી કવિ જાં નિસાર અખ્તરનો મોટો દીકરો. જાં નિસાર કૉમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય. એટલે દીકરો જન્મ્યો ત્યારે કૉમરેડ જાં નિસારે તેના કાનમાં અઝાન સંભળાવવાના બદલે પાર્ટીનો મૅનિફૅસ્ટો સંભળાવેલો! પોતાના નિકાહની આગલી રાત્રે એમણે એક નઝમ લખેલી : 'લમ્હા લમ્હા જાદુ કા ફસાના હોગા.' એટલે નિકાહની ફલશ્રુતિ રૂપે જન્મેલા દીકરાનું નામ રાખ્યું જાદુ! પણ બાળમંદિરમાં જાદુ નામ થોડું લખાવાય? જાદુને મળતું આવતું નામ હતું જાવેદ. 'જાવેદ અખ્તર'નો અર્થ થાય છે 'અમર તારો' પણ ત્યારે કોને ખબર હતી કે દીકરો આ નામને સાર્થક કરી બતાવશે!



*સલીમ ખાન અને જાવેદ અખ્તરની જોડી કમાલની હતી.*

1964માં જાવેદ લોકપ્રિય ડિરૅક્ટર ગુરુ દત્તને મળવા હિંદી સિનેમાના કાશી સમાન મુંબઈ પહોંચ્યા, પણ તેમની આ ઇચ્છા કદી પૂરી ન થઈ. એમણે મુંબઈમાં પગ મૂક્યો એના પાંચ જ દિવસ બાદ ગુરુદત્તે આત્મહત્યા કરી લીધી. પણ જાવેદ મુંબઈમાં જ રહી ગયા. શરૂઆતનાં વર્ષોમાં ફિલ્મ લાઇનમાં જે કંઈ કામ મળતું તે કરી લીધું. આ એ સમય હતો જ્યારે એસ.એમ. સાગરે તેમની નવી ફિલ્મના સંવાદ લખવાની તક આપી.

ટિકીટબારી ઉપર 'સરહદી લૂટેરા'નું તો બાળમરણ થયું પણ સલીમ અને જાવેદ દોસ્ત બની ગયા. બંને જણા બાંદરા ખાતે રહેતા. સાંજ પડ્યે જાવેદ સલીમના ઘરે પહોંચી જતા અને બંને સાથે મળી ફિલ્મો માટે વાર્તાઓના ખયાલી પુલાવ પકાવતા.

સફળતા હજી હાથ લાગી નહોતી. સલીમે પોતાની એક વાર્તા 'દો ભાઈ' બ્રિજ સદાનાને વેચી હતી અને જાવેદ ત્યારે 'યકીન' ફિલ્મના સંવાદ લખતા હતા. પરંતુ બંને ફિલ્મ પિટાઈ ગઈ. આ પછી બંનેએ સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યું. શરૂઆતનાં કામોમાં એક હતું એસ. એમ. સાગર માટે 'અધિકાર'ની સ્ટોરીનું ડૅવલપમેન્ટ. બંનેને આ કામ માટે પાંચ પાંચ હજાર રૂપિયા મળ્યા. ક્રૅડિટમાં ક્યાંય નામ નહીં. પરંતુ એસ.એમ. સાગરના સહાયક

સુધીર વાહીને આ જોડીનું કામ પસંદ આવ્યું અને તેમણે આ લોકોને સિપ્પી ફિલ્મ્સમાં પ્રયત્ન કરી જોવા સૂચવ્યું. સિપ્પી ફિલ્મ્સમાં નવો સ્ટોરી ડીપાર્ટમેન્ટ બની રહ્યો હતો. બંને જણા તેમનું કામ બતાવવા જીપી અને રમેશને મળવા ખાર ખાતેની નવી ઑફિસે પહોંચી ગયા. એકાદ વાર્તા સંભળાવી અને કેટલાક આઇડીયાની ઝલક આપી. બંનેને માસિક ₹750ના પગારે રોકી લેવામાં આવ્યા.

સલીમ ખાન અને જાવેદ અખ્તરની જોડી કમાલની હતી. સલીમ પાસે હતું ફ્લૅમ્બોયન્સ – પર્સનાલિટી અને લખાઈ બંનેમાં. જાવેદ પાસે હતાં આત્મવિશ્વાસ અને ચીવટ. બંને જણ એકબીજાના પૂરક હતા. બંને પાસે સૅન્સ ઑફ હ્યુમર હતી, બંને આત્મવિશ્વાસુ હતા અને બંનેમાં કામ કરવાની ધગશ હતી. એમને તો હૉલિવૂડ જેવું કંઈક કરી બતાવવું હતું, બૉલિવૂડના મુનીમજીની જેમ મફતના ભાવે ઢસરડો કરવામાં તેમને કોઈ રસ ન હતો. સફળતાનો રસ ચાખ્યા પહેલાં જ સલીમે જાણીતા લેખક અબ્રાર અલ્વી સામે આગાહી કરી હતી કે એક દિવસ જરૂર એવો આવશે જ્યારે લેખકો ફિલ્મ સ્ટાર જેટલું જ કમાતા હશે. બૉલિવૂડમાં લેખનમાં આખી જિંદગી ગુજારનારા અલ્વી તાડૂક્યા, 'દિમાગ તો ખરાબ નહીં હૈ?'

બંને જણા સિપ્પી ફિલ્મ્સના વાર્તા વિભાગમાં કામે લાગી ગયા. તેમણે ગુલઝાર સાથે 'અંદાઝ' પર કામ કર્યું અને તે પછી 'સીતા ઔર ગીતા' પર. સલીમ-જાવેદને પૈસા જોઈતા હતા, પણ એનાથીયે વધારે એમને કામની ક્રૅડિટ જોઈતી હતી. તેઓ પોતાનું નામ સ્ટાર્સની સાથે જ હોર્ડિંગ્સ પર જોવા આતુર હતા. 'સીતા ઔર ગીતા' ખૂબ જ સફળ થઈ, પણ તેઓ સિપ્પી પર નારાજ હતા કારણ કે ફિલ્મની પબ્લિસિટીમાંથી એમની સદંતર બાદબાકી કરવામાં આવી હતી. એટલું જ નહીં, મોટા ભાગની ફિલ્મ તેમના દ્વારા જ લખાઈ હોવા છતાં ક્રૅડિટ આપવામાં આવી હતી સિપ્પી સ્ટોરી ડીપાર્ટમૅન્ટને. 'હીરોલોગ, ડિરૅક્ટર્સ અને પ્રોડ્યૂસર્સ એટલે જાણે જમીનદારો અને વાર્તાલેખકો એટલે જાણે અછૂત!' સલીમ કહે છે, 'આ સ્થિતિ અમને મંજૂર નહોતી'.

આ ગેરસમજને દૂર થવામાં લાગી ફક્ત પંદર મિનિટ. રમેશ સિપ્પી આ જોડીને અગાશી પર મળ્યા અને તેમને વચન આપ્યું કે હવેની ફિલ્મમાં તેમને

ફરિયાદનો મોકો નહીં મળે. ફિલ્મ એમની પણ એટલી જ કહેવાશે જેટલી કે રમેશની. જૂની ઢબે કામ કરવા ટેવાયેલા બૉલિવૂડમાં આવું તો કદી બન્યું ન હતું. આ પછી જ બૉલિવૂડમાં પરિવર્તનનાં બીજ રોપાયાં.

■

ઇન્ડસ્ટ્રીમાં આમ પણ બદલાવ આવી રહ્યો હતો. રાજ કપૂર, દેવ આનંદ, દિલીપ કુમાર, રાજેન્દ્ર કુમાર, શમ્મીકપૂર અને સુનીલ દત્ત નિવૃત્ત થઈ ચૂક્યા હતા અને રાજેશ ખન્નાનો સિતારો બુલંદીએ હતો. રાજેશ વૉઝ એ ફીનૉમીનન. ઇન્ડસ્ટ્રીનો પહેલો ખરો સુપર સ્ટાર જેણે આખા દેશને ઘેલું લગાડેલું. પણ સફળતાના ભવ્ય દૌર પછી એના પણ વળતાં પાણી હતાં. 'દુશ્મન' અને 'અપના દેશ'થી 1972ની શરૂઆત તો સારી રહી પણ પછી કંઈક અકલ્પ્ય બન્યું. રાજેશ ખન્નાની ઉપરાછાપરી સાત ફિલ્મ પિટાઈ ગઈ! આંખોને લાક્ષણિક ઢબે ઝીણી કરીને અપાતા મોહક સ્મિતનો જાદુ જાણે વિલાઈ ગયો. ફિલ્મ બનાવનારા પણ સમજી ના શક્યા કે શું થઈ ગયું... આટલાં વરસો સુધી બૉક્સ ઑફિસ ઉપર પ્રેમ કથાઓ અને કૌટુંબિક કથાઓ જ ચાલી હતી એટલે એ લોકો એવો જ માલ બનાવીને પીરસતા હતા.. આ ગાળાનાં ટાઇટલ્સ ઉપરથી ખ્યાલ આવશે કે કેવી ફિલ્મોનો એ જમાનો હતો : 'અમર પ્રેમ', 'દાગ', 'આ ગલે લગ જા', 'આરાધના', 'કટી પતંગ', 'આન મિલો સજના'. પણ, સાવ અચાનક જ, આ ફોર્મ્યુલા ચાલવી બંધ થઈ ગઈ.

પ્રેક્ષકો હવે કંટાળ્યા હતા. પડદા પર પીરસાઈ રહેલી મધમીઠી વાર્તાઓને તેમના જીવન સાથે જાણે કંઈ લેવાદેવા જ ન હતી. સિત્તેરનો પૂર્વાર્ધ સામાજિક અને રાજકીય ઊથલપાથલથી ભર્યો હતો. સ્વતંત્રતા પછીના પચાસ અને સાઠના દાયકાના આશાવાદનો ભ્રમ ધીમે ધીમે તૂટી રહ્યો હતો ને, કપરી વાસ્તવિકતા સામે આવવા લાગી હતી. આઝાદીની લડત વખતનો નિઃસ્વાર્થ અને પ્રામાણિક સેવાનો વારસો તો નેતાઓએ નેવે મૂકી દીધો હતો, જેની જગ્યા લીધી હતી વ્યાપક ભ્રષ્ટાચારે. રાજકીય અને ગુનાહિત હેતુ માટે હિંસાનો ઉપયોગ કરવામાં કોઈ છોછ રહ્યો ન હતો. સામાન્ય નાગરિકને લાગતું હતું કે કાયદો વ્યવસ્થા સાવ પડી ભાંગ્યાં છે. દેશમાં હતાશા અને ગુસ્સાનો માહોલ હતો.